| | |
|---|---|
| PUBLICATION NAME : | Sunvilla Samachar |
| EDITION : | Ahmedabad |
| DATE : | 04/12/2022 |
| PAGE: | 4 |

# ઈડીઆઈઆઈએ આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની ઉજવણી કરી



**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા. ૩**

આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) એ સામાજિકસંરક્ષણ નિયામક અને ગુજરાત સ્ટેટ હેન્ડિકેપ્ડ (દિવ્યાંગ) ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન, સામાજિક ન્યાય અનેસશક્તિકરણ વિભાગ, ગુજરાત સરકાર સાથે જોડાણમાં સેન્ટર ફોર એમ્પાવરમેન્ટ ઓફ ડિફરન્ટલી એબલ્ડ (સીઈડીએ–દિવ્યાંગસશક્તિકરણ કેન્દ્ર)ની સ્થાપના કરી છે. આજે ઈડીઆઈઆઈએ આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની ઉજવણી કરી હતી, જેમાં સફળદિવ્યાંગ ઉદ્યોગસાહસિકોનું સન્માન કર્યું હતું અને તમામ માટે એકસમાન તકો ધરાવતા સર્વસમાવેશક સમાજની જરૂરિયાત વિશેપ્રસિદ્ધ વ્યવસાયિકોએ સંવાદ કર્યો હતો.આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમ થકી ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના દિવ્યાંગજનોના સશક્તિકરણ વિભાગના સચિવ, આઈએએસ, શ્રી રાજેશ અગ્રવાલ મુખ્ય અતિથિ હતા.